This Question Paper consists of 31 questions 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલા પૃષ્ઠો છે.

**Code No.** / કોડ નં. **59/S/O/G**

**Set** / સેટ **A**

Roll No. / રોલ નંબર

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

# GUJARATI
# ગુજરાતી
# (207)

Day and Date of Examination (પરીક્ષાનો વાર અને તારીખ) ..........................................

Signature of Invigilators (નિરીક્ષકોની સહી) 1. ..........................................

2. ..........................................

**સામાન્ય નિર્દેશ :**

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2. પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા જ છે જેટલી પ્રથમ પાનાં ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈપણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

4. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા. ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

5. પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા 59/S/O/G સેટ A લખવી.

## GUJARATI

## ગુજરાતી

## (207)

સમય : 3 કલાક ] [ કુલ ગુણ : 100

**સૂચના :** *(i)* બધા પ્રશ્નો **અનિવાર્ય** છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

*(ii)* બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

*(iii)* બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

**1.** વૈદેહી કોનું નામ છે? 1

(A) દ્રોપદીનું (B) ઊર્મિલાનું

(C) સીતાનું (D) કુંતાનું

**2.** વ્યાયામશાળામાં કોની જય બોલાવામાં આવે છે? 1

(A) બજરંગબલીની (B) ગણપતિની

(C) કાનુડાની (D) સરસ્વતીની

**3.** ‘કોણ’ પ્રશ્ન પૂછીને કવિ ક્યા જવાબની અપેક્ષા રાખે છે? 1

(A) કુદરત (B) આકાશ

(C) માતા (D) ઈશ્વર

**4.** તગતગતા તડકાને કારણે સડકો : 1

(A) ભીની થઈ ગઈ છે (B) ઠંડી પડી ગઈ છે

(C) ચગદાઈ ગઈ છે (D) સુંવાળી થઈ ગઈ છે

**5.** રજાઈની હુંફ કોને છોડવી પડે છે? 1

(A) વિદ્યાર્થીઓએ (B) શિક્ષકોએ

(C) નાયકે (D) મોટેરાંઓએ

**6.** વિરોધી શબ્દની સાચી જોડણી ન હોય તે _____ 1

(A) સુખ × દુઃખ (B) સવાર × સાંજ

(C) ઉષ્ણ × શીત (D) નિશા × રજની

**7.** હરિયો ક્યાં ગયો હતો? 1

(A) અલ્હાબાદ (B) અમદાવાદ

(C) ફિરોજાબાદ (D) મુરાદાબાદ

**8.** ચંબેલી કોની પાસે પાંખો માંગે છે? 1

(A) પતંગિયા પાસે (B) પીળક પાસે

(C) કોયલ પાસે (D) ફૂત્કી પાસે

**9.** કુંભ મેળો ક્યાં ભરાય છે? 1

(A) હરિદ્વારમાં (B) ઋષિકેશમાં

(C) વારાણસીમાં (D) અલ્હાબાદમાં

**10.** યોગ્ય જોડણી પર નિશાન કરો. 1

(A) ઈત્યાસ (B) ઈતિહાસ

(C) ઈતીહાસ (D) ઈતિઆસ

**11.** દેવશંકરને લાડુની યાદ આવતાં શું થયું? 1

(A) ઘૃણા થઈ (B) મોમાં પાણી આવી ગયું

(C) ગુસ્સો આવ્યો (D) રડવુંઆવ્યું

**12.** 'મારીમા' ની માતા નાયિકા ને શું બનાવવા ઈરછતી હતી? 1

(A) અધ્યાપિકા (B) પ્રબંધક

(C) ડૉક્ટર (D) ઈંસ્પેક્ટર

**13.** ગુજરાતની ઉત્તરદિશામાં ક્યો પર્વત આવેલો છે? 1

(A) આબુ (B) હિમાલય

(C) માઉન્ટ ઐવરેસ્ટ (D) રિવ્યમુક પર્વત

**14.** મૂરખની જુદી-જુદી ટેવોને અખો ઉત્પાત કહે છે. કારણ કે _____ 1

(A) ઐ યાંત્રિક રીતે વર્તે છે

(B) એ ઐનો રોજનો ક્રમ છે

(C) એમ કરવાથી ઈશ્વર મળે છે

(D) એમ કરવાથી ઈશ્વર મળતા નથી

**15.** કઈ ઋતુમાં દિવસો ટુંકા હોય છે? 1

(A) ઉનાળામાં

(B) ચોમાસામાં

(C) શિયાળામાં

(D) વસંતમાં

**16.** વિચાર-વિસ્તાર કરતી વખતે _____ 1

(A) મૂળભાવનો વિસ્તાર થાય

(B) લાંબુ લખાણ ટુંકૂ થાય

(C) રૂઢિપ્રયોગો ન વપરાય

(D) વિચારો નો વિસ્તાર ન થાય

**17.** વસંતનો માર્ગ કેટલા ફાંટામાં પહેંચાઈ જાય છે? 1

(A) ચાર

(B) બે

(C) ત્રણ

(D) એક

**18.** મૃત્યુ પછી નંદનંદન શેઠને ક્યાં લઈ જવામાં આવ્યા? 1

(A) નરકમાં

(B) સ્વર્ગમાં

(C) ચિત્રગુપ્તનાદરબારમાં

(D) ઘરમાં

**19.** દુનિયાના શ્રેષ્ઠ ઑલ રાઉન્ડરમાં વિનુ માંકડની ગણના કોણે કરી હતી? 1

(A) ગૈરી સોબર્સે

(B) સુનીલ ગાવસ્કરે

(C) ઈયાનચેપલે

(D) સેન હટને

**20.** 'ઝીણી આંખો મોટી થઈ જવી' રૂઢિપ્રયોગ નો અર્થ છે _____ 1

(A) ભૂલથઈ જવી

(B) આંખે ગુસ્સો આવવો

(C) આશ્ચર્ય થવું

(D) આંખ પહોળી થવી

**21.** (ક) **નીચે** આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણના** જવાબ લખો : 6

*(i)* ગૌરી કોણ હતી? તેણે પોતાનો ક્યો દાવો રજૂ કર્યો?

*(ii)* નંદુએ કરેલા પ્રહારની નાયક પર શી અસર થાય છે?

*(iii)* 'સૂર્યનું સેવન' પાઠમાં કવિએ પવનને કેવો કહ્યો છે? શા માટે?

*(iv)* 'પ્રયાગરાજ' ક્યાં આવેલું છે? તેનું શું મહત્ત્વ છે?

*(v)* ભાણે બેઠેલા દેવશંકરને શંકરલાલે શી સૂચના કરી?

(ખ) **નીચે** આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ એક વાક્યમાં લખો : 3

*(i)* હરિયો ભરી સભામાં શું બોલ્યો?

*(ii)* 'મારીમા' ની નાયિકાની સરખામણી શાની સાથે કરી છે?

*(iii)* 'ચાળક'ના સ્વર માટે કઈ ઉપમા આપવામાં આવી છે?

*(iv)* ગાંધીજીને કેવી પરીક્ષા અધૂરી લાગે છે?

*(v)* 'સવ્યસાચી' કોને કહેવાય? ક્રિકેટના સવ્યસાચી કોણ છે?

**22.** (ક) **નીચેના** સવાલોમાંથી ગમે તે **ત્રણના** જવાબ લખો : 6

*(i)* 'માધવ લ્યો' કાવ્યના આધારે ગોપીઓના મનની સ્થિતિનું વર્ણન કરો.

*(ii)* કાનૂડા ના ચાર તોફાન વર્ણવો.

*(iii)* 'હાઇકુ' કઈ શૈલીનું કાવ્ય છે? તેમાં કુલ કેટલા અક્ષરો હોય છે?

*(iv)* 'ગુર્જર ભારતવાસી' કાવ્યના શીર્ષકની સાર્થકતા તમારા શબ્દોમાં લખો.

*(v)* ચંબેલી પતંગિયા પાસે પાંખો શા માટે માંગે છે?

(ખ) **નીચેના** સવાલોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ એક વાક્યમાં લખો : 3

*(i)* 'તડકા' ને કોના જેવો અટલ કહ્યો છે?

*(ii)* ગુજરાતી સાહિત્યમાં કોના છપ્પા પ્રસિદ્ધ છે?

*(iii)* વસંત નો માર્ગ ક્યા બે ફાંટાઓમા વહેંચાઇ જાય છે?

*(iv)* 'જુનૂં પિયરઘર' કાવ્યમાં આદતા બે રૂપકોનું વર્ણન કરો.

*(v)* કવિએ ક્યા-ક્યા આચરણો દાંભિક ગણાવ્યા છે?

**23.** (ક) નીચેના વિધાનો **કોણ-કોને** કહે છે? (ગમે **તે ત્રણ** લખો) 3

*(i)* ''બ્રાહ્મણ થઈને અન્નદેવને છાંડી ન મૂકશો.''

*(ii)* ''સર, આ મારી મા છે, મારી બધી સિદ્ધિઓનો યશ તેને છે.''

*(iii)* ''નંદનંદન તમારે ત્યાં અનેક જણ અનામત મૂકવા આવતા એ તો ખરું ને?''

*(iv)* ''આપણું જીવન નષ્ટ ક્યાં થયું છે? ઈંટા ગણવામાં મને ખૂબ મજા પડતી હતી.''

*(v)* ''જ્યારે લોકો પોતાની ભૂલ જોશે ત્યારે શાંત થશે. મને તેમની ન્યાયબુદ્ધિમાં વિશ્વાસ છે.''

(ખ) ગમે તે બે ભાવપંક્તિઓનું ભાવસૌંદર્ય સ્પષ્ટ કરો : 6

*(i)* ''હારે ગોપી ઘેલું શું બોલતી જાય.''

*(ii)* ''તિલક કરતાં ત્રેપન થયાં, જપ માળા ના નાંકા ગયાં.''

*(iii)* ''ચંબેલી નો દેહરૂડો, ને પતંગિયાની પાંખ ધરી
અવની, આભ, અનંતે ઊડે, મલકંતી મ્હેકંતી પરી.''

**24.** ગમે તે **બે** ના મુદ્દાસર ઉત્તર લખો : 6

(ક) નાયક અને પહેલવાન વચ્ચેની કુસ્તીનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

(ખ) 'અવસાન-સંદેશ' કાવ્યનો જીવન-સંદેશ લખો.

(ગ) સંતાનની પ્રગતિમાં માતાના વિશેષ ફાળાને સ્પષ્ટ કરો.
'મારી મા' વાર્તા ના આધારે.

**25.** ગમે તે **એક** વિશે આશરે 200 શબ્દોમાં નિબંધ લખો : 10

(ક) બેટી પઢાઓ બેટી બચાવો.

(ખ) રેલ્વે-સ્ટેશનનું દૃશ્ય

(ગ) ઉત્તરાયણ

(ઘ) મારો યાદગાર પ્રવાસ

(ઙ) એક ખેડૂતની આત્મકથા

**26.** શાળા તરફથી હોશિયાર વિદ્યાર્થીને સ્કૉલરશીપ અપાય છે, તે મેળવવા માટે તમે તમારી શાળા ના આચાર્યને સંબોધી અરજી લખો. 8

અથવા

તમારા/તમારી મિત્ર સંજના/સંજય ને રક્તદાન ની મહત્તા બતાવતો પત્ર લખો.

**27.** ગમે તે **એક** નો વિચાર-વિસ્તાર કરો : 6

(ક) આળસ જીવતા માણસની કબર છે.

(ખ) પ્રતિજ્ઞા વિનાનું જીવન એ પાયા વિનાની ઈમારત જેવું છે.

**28.** નીચે આપેલા ગદ્યખંડને ધ્યાનપૂર્વક વાંચી આપેલા સવાલો ના જ્વાબ લખો. 5

ફકરો :

કોઈ માણસની ઉમર મોટી હોય તો તેને આપણે ઘરડો કહીએ છીએ, આવા ઘરડાઓ આપણા દેશમાં ઘણા ઓછા નજરે પડે છે. તોય હજી એક જાતના ઘરડાઓ આપણા દેશમાં ઘણા છે. આ ઘરડાઓ તે કોણ? નવી વસ્તુ શીખવાની ધગશ જેનામાંથી જતી રહી હોય તે ઘરડો, એમ એક સંતે કહ્યું છે. આવા ઘરડાઓ આપણા દેશમાં જ્યાં જાઓ ત્યાં નજરે પડશે. નાનપણમાં જે કંઇ શીખવા મળ્યું તે ખરું, થોડો મોટો થઈને ધંધે લાગ્યો કે પછી 'અમુક વસ્તુ શીખી લે' એમ કોઈ કહે તો તે ન બની શકે. આવી જડતા ભણેલા અને ગણેલા બંને વર્ગના હાડમાં ઊતરી ગઈ છે. જે આજ સુધી થયું નથી તે હવે પછી પણ થવાનું નથી, આમ માનવું તે ઘરડો તર્ક ઘરડાને એમ કેમ નથી સમઝાતું કે આજ સુધી નથી થયું એવું ભવિષ્યમાં થવાનું છે? આજ સુધી હું મરી ગયો નથી તેથી હવે પછી પણ મરવાનો નથી, ઐવા ઘરડા તર્ક નો ભોગ બનવાથી ભારે હાનિ થાય છે.

પ્રશ્નોં :

(ક) આપણે કોને ઘરડો કહીએ છીએ?

(ખ) એક સંતે ઘરડાની શી વ્યાખ્યા આપી છે?

(ગ) ઘરડો તર્ક એટલે શું?

(ઘ) આ શબ્દોના સમાનાર્થી શોધીને લખો : નુકસાન, વિચાર

(ઙ) વિરુદ્ધાર્થી શોધી ને લખો : વિદેશમાં, અભણ

**29.** એક સોસાયટીમાં ૮૦૦ વ્યક્તિઓ રહે છે. તેમાંથી ૪૦૦ વ્યક્તિઓ નોકરી કરે છે. ૨૦૦ વ્યક્તિઓ પોતાનો ધંધો કરે છે. ૧૦૦ નાના દુકાનદારો છે. અને બાકી રહેલા રોજીપર જતા મજૂરો છે, આ વર્ગીકરણ ને ટકાવારીમાં વર્તુળ આલેખ દ્વારા રજૂ કરો. 3

**30.** સૂચના મુજબ લખો :

(ક) વિરુદ્ધાર્થી લખો : (ગમે તે **બે**) 2

આશ્રિત, સફળ, ઉપકાર, સ્વતંત્ર

(ખ) સમાનાર્થી લખો : (ગમે તે **બે**) 2

પંથ, ચતુર, ફૂલ, પ્રભુ

(ગ) સંધિ કરો : (ગમે તે **બે**) 2

સત+જન, પરિ+અટન, સર્વ+ઉત્તમ વિચાર+અનીય

(ઘ) રૂઢિપ્રયોગો ના અર્થ લખો : (ગમે તે **બે**) 2

ફટકો પડવો, ચિત્ત કરવુ, મોં મા પાણીઆવવું, લાલપીળા થવું

(ઙ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (ગમે તે **બે**) 2

જેની હદ નથી તે _____

પ્રજમા રહેતી નારી _____

જે રોગ મુક્ત હોય _____

જેની આવવાની તિથિ ન હોય _____

**31.** નીચે આપેલી રૂપરેખાને આધારે વાર્તાનું લેખન કરી તેને યોગ્ય શીર્ષક આપો. 5

એક પૈસાદાર છતાં કંજૂસ માણસ _____ ચોખાની થેલી લઈને ઘર તરફ આવવું _____ રસ્તામાં એક ભિખારીની ચોખા માટે માગણી _____ ચોખાનો એકજ દાણો આપવો _____ ઘેર આવીને જોતાં થેલીમાંથી એક સોનામહોર નીકળવી _____ કંજૂસનો પસ્તાવો _____ ભિખારીના રૂપમાં આવેલા દેવદૂતની શોધ _____ નિષ્ફળતા _____ બોધ.

★ ★ ★